




સ્વામિશ્રીજી

# ગુરુનાં વચન જીવીને ગુરુને સદાય પ્રગટ રાખીએ !

**પરબ્રહ્મ** પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ, જેઓ પોતાના અક્ષરધામ-અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી મહારાજ સહિત આ પૃથ્વી ઉપરપધાર્યા અને આ પૃથ્વી પરનાં સર્વ જીવ-પ્રાણીમાત્ર ઉપર અને સવિશેષ કરીને મનુષ્ય ઉપર, મુમુક્ષુઓ ઉપર, ભક્તો ઉપર અપાર કૃપા કરી !

અક્ષરધામ સહિત પૂર્ણ પુરુષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર પધાર્યા હોય તેવો આ પહેલો દિવ્ય પ્રસંગ બન્યો. શ્રીજી મહારાજ ને સ્વામી આ પૃથ્વી ઉપર પધાર્યા, જીવ-પ્રાણીમાત્રના અને સવિશેષ કરીને મનુષ્યયોનિમાં સર્વે અક્ષરમુક્તો, મુમુક્ષુઓનાં આત્યંતિક કલ્યાણના હેતુ સાથે પધાર્યા. આ વાત સ્વયં શ્રીજી મહારાજે જણાવી, ‘हमारा प्रागट्य तो जीव का आत्यंतिक कल्याण करने के वास्ते हुआ है ।’ અને, આ આત્યંતિક કલ્યાણની વાત સર્વ શાસ્ત્રોના સારરૂપે મહારાજ ને સ્વામીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના સ્થાપીને પ્રવર્તાવી. મહારાજ ને સ્વામી પછી સર્વ ગુણાતીત સંત સ્વરૂપોએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યને વહેતું રાખ્યું અને એ દિવ્ય કાર્યને આધુનિક યુગમાં નૂતન સ્વરૂપે ભગવા હૃદયના સાધુનાં સર્જન દ્વારા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજી દ્વારા દિગદિગંતમાં પ્રસરાવ્યું.

સાહેબદાદાની સાથે જે આઠ દિવ્ય સત્પુરુષોએ-અનુપમ મિશનના મૂળ આઠ સદ્‌ગુરુ સંતોએ આ પૃથ્વી ઉપર મનુષ્યદેહ ધારણ કરીને જન્મ લીધો તે સર્વે આઠ મનુષ્યશરીર હતાં, પણ તેઓ સર્વમાં એક ચૈતન્ય, એક બ્રહ્મ એકાત્મભાવની સાથે પ્રગટ હતા. એ આઠ દિવ્ય સત્પુરુષોમાંના એક પરમ પૂજ્ય દિવ્ય સદ્‌ગુરુ સાધુ શાંતિદાદાનો ૨૭ ઑગસ્ટે પ્રાગટ્ય દિવસ ઉજવાયો. આપણાં સૌનાં જીવનમાં અને અનેક ચૈતન્યોનાં જીવનમાં અને નકેવળ મનુષ્યો, પણ આ પૃથ્વી પર આવીને તેઓ વનસ્પતિશાસ્ત્ર-બૉટોની ભણ્યા તો અનેક પ્રકારના જીવોનાં કલ્યાણ તેઓ દ્વારા થયાં.

આપણને સૌને તેઓની દિવ્યતા, તેઓનાં વાત્સલ્ય, તેઓના પ્રેમ, તેઓની હૂંફ, તેઓની પ્રાર્થનાની અગણિત અનુભૂતિઓ ને સ્મૃતિઓ છે. રોજેરોજ શાંતિદાદાની એ સ્મૃતિ આપણું હૃદય ને આંખો બંને ગદ્‌ગદભાવે ભીની કરી રહી છે.

કેવળ ભગવાનના દિવ્ય કાર્યના વાહકરૂપે પૂજ્ય શાંતિદાદાએ આ પૃથ્વી ઉપર જન્મ ધર્યો હતો તો જીવનના બાલ્યકાળથી લઈને જીવનના અંતિમ શ્વાસ સુધી ભગવાનનાં પ્રગટ સ્વરૂપો એવા બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી મહારાજ, પપ્પાજી મહારાજ, હરિપ્રસાદ સ્વામી મહારાજ, અક્ષરવિહારી સ્વામી મહારાજ અને પોતાના ગુરુહરિ સંતભગવંત સાહેબજી મહારાજમાં અખંડ સમ્યક્ નિર્દોષબુદ્ધિ શાંતિદાદાએ રાખી . અને, એ આઠેઆઠ મૂળ સદ્‌ગુરુ સત્પુરુષોએ પણ રાખી. જીવનની પળેપળ સાહેબની મરજી, સાહેબને રાજી કરવાનો ભાવ, સાહેબમાં સમ્યક્ અખંડ નિર્દોષબુદ્ધિ અને ભગવાનનાં સંબંધવાળાં પ્રત્યેક જીવ-પ્રાણીમાત્ર ને મુમુક્ષુઓ, ચૈતન્યો, અક્ષરમુક્તો પ્રત્યે કેવળ દિવ્યભાવે સહિત સુહૃદભાવ, સૌ માટે નિરપેક્ષ પ્રાર્થના !

તો આપણે જોયું કે, ૬૦ વર્ષના ટૂંકા સમયમાં યોગીજી મહારાજે ભગવા હૃદયના સાધુરૂપે જે આધ્યાત્મિક ઉત્કાંતિ આરંભ કરી, તે આજે તો અત્યંત તેજસ્વી અભિયાન થઈને વિશ્વસમસ્તમાં ભગવાનના દિવ્ય કાર્યના વાહકરૂપ સંતો દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના કાર્યને વહેતું રાખી રહી છે.

આપણા હૃદયમાં સ્થિર શાંતિદાદા-જેની સાથે આપણે ઊછર્યા, રહ્યા, જમ્યા, હર્યા, ફર્યા, રમ્યા – તેઓના પાર્થિવદેહનાં આજે નરી આંખે દર્શન થતાં નથી તો સ્વાભાવિક છે કે એની પીડા, એનું દુઃખ થાય; કારણ કે, આપણે અને હું દેહભાવમાં છીએ એટલે એ પીડાનો અનુભવ કરીએ છીએ. પણ, આપણને સૌને એ વાતની પ્રતીતિ છે કે, શાંતિદાદા જેવા દિવ્ય સત્પુરુષ એ માત્ર શરીર નથી; ગુણાતીત અવસ્થાને પ્રાપ્ત કર્યાના કારણે એમનામાં સાક્ષાત્ ભગવાનનું તત્ત્વ અખંડ બિરાજમાન હતું, આજે પણ છે, અને આ પૃથ્વી ઉપર કાયમ રહેશે. જે જે ચૈતન્યો શાંતિદાદાના એ દિવ્ય તત્ત્વની સાથે જોડાયાં છે, તેઓએ જ્યારે જ્યારે પોતાના હૃદય પર હાથ મૂક્યો છે ને ‘હે શાંતિદાદા !’ બસ આટલો જ તીવ્ર પોકાર ને પ્રાર્થના કર્યાં છે તો શાંતિદાદા પ્રગટ થયા છે ; એ આપણા સૌની અનુભૂતિ રહી છે.

આ વર્ષે વિઘ્નવિનાયક શ્રી ગણપતિજી દેવ મહારાજની ચતુર્થીના મહાશુભ પર્વે જ્યારે ૨૭મી ઑગસ્ટ-શાંતિદાદાના પ્રાગટ્યમંગલનો યોગ થયો છે, તો શ્રી ઠાકોરજી મહારાજના ચરણે, સંતભગવંત સાહેબદાદાના ચરણે, સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા સહિત સર્વ સંતોનાં શ્રીચરણે પ્રાર્થના છે : વિઘ્નવિનાયક શ્રી ગણપતિજી દેવ મહારાજની કૃપા, કષ્ટભંજન શ્રી હનુમાનજી દેવ મહારાજના આશીર્વાદ, શ્રી ઠાકોરજી મહારાજનો અનુગ્રહ અને સંતભગવંત સાહેબદાદાનાં પ્રેમ, પ્રાર્થના ને આશીર્વાદથી આપણાં જીવનમાં ઉપસ્થિત એવી સર્વે આધિ, વ્યાધિ, ઉપાધિ હે પ્રભુ, શમી જાવ ! આધ્યાત્મિક ઉત્ક્રાંતિના વાહક તરીકે યોગીજી મહારાજના સંકલ્પને સિદ્ધ કરવા આપણે સૌ ભગવા હૃદયના સાધુ થઈ, સાહેબના સેનાનીરૂપે યોગીજી મહારાજ ને સાહેબદાદાનું દિવ્ય કાર્ય – અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું કાર્ય વહેતું રાખીએ તેવાં સૌને બળ, બુદ્ધિ, પ્રેરણા આપે તેવી મંગલ પ્રાર્થના !

શાંતિદાદાના દિવ્ય પ્રાગટ્યે શાંતિદાદાની સ્તુતિ કરીએ, તેમને હૃદયથી પ્રણામ કરીએ. તેમના દિવ્ય પ્રાગટ્યને અખંડ આપણા હૃદયમાં તેજસ્વી રાખીએ તેવી મંગલ ભાવના !

જેના અંતરમાં અહો નિવસતી, સ્વામી-શ્રીજીની છબી,
જેના શ્વાસોચ્છ્વાસમાં રણકતી, ભક્તિતણી નિર્ઝરી,
યોગીનાં વચને ધર્યાં જીવન ને, મનમોર સાહેબને,
શાંતિ જેના નામ ને જીવન છે, ધન્ય યતિ વંદીને. ◆

સ્વા.શ્રી...

~ સાધુ મનોજદાસ